**નામદાર મુખ્ય સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં–માળીયા હાટીના.**
**રેગ્યુલર દિવાની દરખાસ્ત નંબર–૦૮/૨૦૨૫ ના કામે આંક–૦૧ નું સાંધણ ....**

---

## –:: હુકમ ::–

આ કામ વાદી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, ખોરાસા(ગીર) શાખા, તા. માળીયા હાટીના દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૫ નાં રોજ પ્રતિવાદીઓ પાસેથી લેણી રકમ વસુલ લેવા માટે દાખલ કરતાં પ્રતિવાદીઓ સામે અત્રેની કોર્ટ દ્વારા નોટીસ કરતાં આંક–૫ થી બજી ગયેલ છે. જેથી આંક–૬ તળેના હુકમ મુજબ પ્રતિવાદીઓ સામે જં. મિ. જપ્તિ વોરંટ કાઢતાં, પ્રતિવાદીઓ પાસેથી જપ્તિ લાયક કોઈ જંગમ મિલ્કત મળી આવેલ ન હોવાથી નીલ રોજકામનાં શેરા સાથે વગરબજે આંક–૦૭ થી રજુ છે. ત્યારબાદ વાદી વકિલશ્રી તરફેથી પ્રતિવાદીઓની સ્થાવર મિલ્કતનાં આધાર પુરાવા રજુ કરવા માટે આંક–૦૮ થી મુદત અરજી રજુ કરતાં તે મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ મુળ વાદીનાં નામનાં ગામ નમૂના નં–૮અ અને ગામ નમૂના નં–૭ સને ૨૦૧૩ ની સ્થિતીએ રજુ કરવામાં આવેલ છે. જેથી હાલનાં કામે ગુજરનાર મુળ વાદીનાં દાખલ કરવામાં આવેલ ૦૩(ત્રણ) વારસોને નોટીસ કરતાં વારસ તરીકે રમણભાઈ પાંચાભાઈ ગોરડ હાજર રહેલાં. તેઓએ નામ. કોર્ટ રૂબરૂ જણાવેલ કે, તેઓ પાંચાભાઈ ભુરાભાઈ ગોરડનાં ૦૭(સાત) વારસો છે જેમાં ૦૪(ચાર) ભાઈ, ૦૨(બે) બહેન અને ૦૧(એક) માતા મળીને કુલ–૦૭(સાત) વ્યકિતઓ જવાબદાર હોવા છતાં માત્ર તેઓ સામે હુકમનામાની બજવણી ન થઈ શકે. આમ, દાવાની હકિકત જોવામાં આવે તો, એકતરફી ચાલેલાં દાવામાં વાદી બેન્ક દ્વારા ગુજરનાર પાંચાભાઈનાં અધુરા વારસો જાહેર કરી, સોગંદનામું કરી હુકમનામુ મેળવવામાં આવેલ હોય તેવું જણાય આવેલ છે.

હાલનાં કામે જંગમ મિલ્કતો મળી આવેલ ન હોય પ્રતિવાદીનાં વારસોની સ્થાવર મિલ્કત જપ્તિ કરવાની થતી હોય પરંતુ, મુળ દાવાનાં કામે અધુરા વારસો સોગંદ ઉપર જાહેર કરી પક્ષકારોનાં પેઢીનામા વગર '' Hear say '' વારસો જોડવામાં આવેલ છે. વધુમાં વાદી પક્ષે રજુ થયેલ આંક–૦૯ ની અરજીની સુનાવણી માટે પણ હાલનાં કામનાં વાદીની કશુર ઘ્યાન ઉપર આવેલ હોય, મુળ વાદી હાજર રહેતાં નથી. વાદી પક્ષને તેઓને અનુકુળ બિનજરૂરી મુદતો આપવી યોગ્ય જણાતી નથી. જેથી હાલની અરજીમાં કોર્ટનો કિંમતી સમય બિનજરૂરી વ્યતીત કરવો યોગ્ય જણાતો નથી. જેથી સદર દરખાસ્ત વાદીના કસુરને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ તારીખ : ૧૮ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.
**તારીખ :** ૧૮/૦૩/૨૦૨૬.

(બી. વી. ગોહિલ)
**મુખ્ય સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.,**
**માળીયા હાટીના (કોડ નં.જીજે–૦૧૪૫૬)**